सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૪ જાન્યુઆરી - ૨૦૦૫ અંક ૩

## વાલીઓને.......

બાળક શાળામાં આવે છે એટલે વાલી જાણે કે ચિંતામુક્ત થઈ જાય છે અને પોતાની હવે કોઈ ફરજ રહેતી નથી તેમ માને છે. એ હકીકત છે કે શાળાની અસર બાળક પર અવશ્ય પડે છે પરંતુ ઘણો મોટો સમય તે ઘરનાં વાતાવરણમાં હોય છે અને તે ઉપરાંત આજે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ અનેક બીજા પરિબળોને કારણે શિક્ષકની જે અસર બાળક પર પડવી જોઈએ તે પડતી નથી તે સ્વીકારવા જેવું છે.

તાજેતરમાં દિલ્હીની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થામાં બે વિદ્યાર્થીઓની નાદાનીપણાને કારણે સમગ્ર દેશમાં શિક્ષણ સંસ્થાઓમાં પોતાના બાળકને મોકલવામાં કેટલું જોખમ રહેલું છે તે વાલીઓને જાણવા મળ્યું. ટેકનોલોજીનો વિકાસ તો થવાનો, તેને અટકાવવો શક્ય પણ નથી, પરંતુ તેનો દુરુપયોગ ન કરવામાં આવે તેવું ઘડતર મળવું જોઈએ.

ટેકનોલોજીનાં વિકાસને રોકી શકાશે નહી જ. તે જરૂરી ન હોય તો પણ. અને બાળકનું વર્તન શાળાનાં ધ્યાનમાં આવતું ન હોઈ વાલીએ સજાગ રહેવું પડશે. આ આખાય પ્રશ્નથી સામાજિક પરિસ્થિતિ, માધ્યમોની જવાબદારી, શાળાઓની મર્યાદાઓ, તેમ અનેક બાબતો વિશદ રીતે ચર્ચાઈ છે અને આને પરિણામે વાલીઓએ પોતાનાં બાળક પર યોગ્ય ધ્યાન આપવું જરૂરી બની જાય છે. માત્ર પૈસા આપીને અથવા ટયુશન રાખીને અથવા બીજી સુવિધાની ગોઠવણ કરીને બાળકનું ઘડતર યોગ્ય રીતે થવાની શક્યતા ઓછી છે તે વાલીએ સમજવું પડશે. બાળક સાથે વાતચીત કરીને તેના મિત્રો, તેની ટેવો, તેના રસના વિષયો વગેરે બાબતોની ચર્ચા કરી, સમજી, તેને વિશ્વાસમાં લેવો પડશે, માર્ગદર્શન આપવું પડશે.આજની શાળાઓમાં આ ક્ષમતા હોય તેવું માનવાની ભૂલ કરવા જેવી નથી. વિશાળ સંસ્થાઓ, નિયમોની અનેક આંટીઘૂંટી, નિશ્ચિત પરિણામ લાવવાની ભાગદોડ વગેરેમાં શાળાઓ અટવાયેલી છે એટલે કે પૂરતો સમય કાઢીને વાલીએ બાળકની માવજત, બાળકનો વિકાસ અને બાળકના સંપૂર્ણ વ્યક્તિત્વને બહાર લાવવાની તેની શક્તિને ઓળખીને યોગ્ય વળાંક આપવાની જવાબદારી વાલીઓ અદા કરે તે ખૂબ જરૂરી બની ગયું છે.

નકારાત્મક અભિગમથી અપેક્ષિત પરિણામ આવી શકશે નહીં. એ માટે આધુનિક પ્રવાહોને સમજવા પડશે. જરૂર જણાય ત્યાં નિષ્ણાતનું માર્ગદર્શન મેળવીને ઉપાયો યોજવા પડશે. આ બધું નવા જમાનાની પેદાશ અને જરૂરીયાત છે. તેને પચાવીને, સમજીને, સમજાવીને બાળકના ઉછેર માટે, ઘડતર માટે તેમજ તેના વિકાસ માટે ઠીક ઠીક સમય કાઢીને પણ યોગ્ય ઉપાયો લેવા પડશે. જેટલું આ વહેલું સમજાશે તેટલું એ લાભદાયી નીવડશે.

દિનુભાઈના વંદન

## સ્મૃતિચિત્રો

કાકાસાહેબ કાલેલકરની "હિમાલયની યાત્રા"માં કાકાસાહેબ બુઆ અને સ્વામી આનંદના નામોથી પરિચિત હતા. સ્વામી આનંદના પાઠ ગુજરાતી પાઠયપુસ્તકોમાં વાંચવા મળતા અને નવજીવન કાર્યાલયનાં પ્રકાશનોથી સ્વામી આનંદનું નામ પરિચિત થયું હતું પરંતુ તેમને રૂબરૂ મળવાનો પ્રસંગ તો બન્યો છેક ૧૯૬૩માં - જ્યારે નૈનીતાલનો પ્રવાસ આયોજિત થયો ત્યારે.

નૈનીતાલ, અલ્મોડા તેમજ તેની આજુબાજુનાં ખાલી, બિનસર જેવા સ્થળોએ અમારો પ્રવાસ ગોઠવાયો હતો. અને અલ્મોડામાં જાણવા મળ્યું કે સ્વામી આનંદ બિનસર છે. અમે સાંજે પાંચેક વાગે બિનસર પહોંચ્યા હોઈશું અને અમારો ઉતારો ગાંધીજીએ જ્યાં ગીતાનાં " અનાસક્તિ યોગ" ઉપર ટીકા લખી હતી તે જગ્યાએ જ. અહીં ઉતરવાનો રોમાંચ અમે અનુભવ્યો. અમે પૂછપરછ કરી કે સ્વામી આનંદ કયાં રહે છે ત્યારે જાણવા મળ્યું કે માત્ર એકાદ કિ.મી.નાં અંતરે આવેલ એક મકાનમાં સ્વામીજી રહે છે એટલે ચાલતાં ચાલતાં જ તેમના મકાને પહોંચ્યા. તેઓ મકાનનાં બહારનાં ભાગમાં આવેલા ઓટલા ઉપર બેઠા હતાં - વ્યક્તિત્વ ઉપરથી આ સ્વામી આનંદ છે તેવો અણસાર આવી ગયો. તેઓને પણ અમે આવવાની જાણ કરેલી એટલે અમને તેમણે સમયસર આવી ગયા વગેરે પૃચ્છા કરી. તેઓની સાથે વાતો કરવામાં ઘણો આનંદ આવ્યો. જે જમાનામાં બસો ન હતી તે સમયે મુંબઈથી કે અમદાવાદથી પોતે બિનસર આવે ત્યારે રેલ્વનાં કાઠગોદામ સ્ટેશને ઉતરે.કોઈ જાતના સામાન સાથે નહિ. પગે ચાલતાં પગરસ્તે બિનસર આવવા નીકળે. જ્યાં રાત પડે ત્યાં રસ્તામાં રોકાઈ જવાનું, સવારે ચાલવાનું. આમ બે ત્રણ દિવસે બિનસર પહોંચે. આવી બધી ઘણી રસપ્રદ વાતો તેમણે સહૃદયે કરી . મેં તેમને જમવાનું પૂછયું કે તે વ્યવસ્થા કેવી રીતે કરો છો ત્યારે તેઓ મને પોતાની રૂમમાં લઈ ગયા. રૂમના આગળના ભાગમાં એક ટેબલ ઉપર તપેલી પડી હતી. અને અંદરનાં બીજા રૂમમાં મચ્છરદાનીવાળો ખાટલો હતો , રૂમમાં મોટી લગભગ ૬×૪ ફૂટ જેવી કાચની બારી. બારીમાંથી હિમાલયનાં દર્શન થાય. હિમાચ્છાદીત શિખરો ત્યાંથી દેખાય. તેમણે જણાવ્યું, બહાર જે તપેલી પડી છે તેમાં દૂધવાળો આવી દૂધ આપી જાય એટલે સમય થતાં તે દૂધ પીને તપેલી સાફ કરી મૂકી દઉં. ફક્ત બે વખત આ પ્રમાણે દૂધ પીવાનું.પોતાની દૈનિક દિનચર્યા અંગે પૂછતાં તેમણે જણાવ્યું કે હું વહેલી સવારે ફરવા જાઉં અને એક સ્થળેથી સૂર્યોદય સુંદર દેખાય છે ત્યાં સમયસર પહોંચી જાઉં અને ત્યારબાદ રૂમ ઉપર આવું. સ્નાનાદિ પતાવી મચ્છરદાનીવાળા ખાટલામાં બેસી લખું. અમારી સૂર્યોદય જોવાની ઈચ્છા જણાવતાં તેમણે જણાવ્યું કે ખૂબ વહેલા જવું પડે. અમે તૈયારી બતાવી અને તેમની સાથે સૂર્યોદય જોવાનો આનંદ માણ્યો જે વિગતે અગાઉના 'શારદ'ના સ્મૃતિચિત્રોમાં જણાવ્યું છે. એક સાધુ પુરુષને મળ્યાનો અનુભવ અમે કર્યો.

**દિનુભાઈના વંદન**

### 'મહેકાવે તે સંસ્કૃતિ, બહેકાવે તે વિકૃતિ'

'અરે પ્રિયંકા ! આમ આવ તો... કેમ આજે આમ છુટ્ટા વાળ લઈને સ્કુલમાં આવી છે ? આટલા સરસ લાંબા વાળ ઈશ્વરે તને આપ્યાં છે, એને આમ છુટ્ટા રાખીને તે સ્કુલમાં અવાય ? કેટલાં ગૂંચવાઈ જાય ! મેલા થાય.. અને વળી ભણતાં ને રમતાં ય વચ્ચે નડે નહીં ? એનું તો સુંદર રીતે જતન કરવાનું હોય તેને બદલે તું આમ સ્કુલમાં વાળ છુટ્ટા લઈને આવી છે? આમ આવ, હું તને બરાબર સેર ગૂંથી દઉં...'

અને પ્રિયંકા અટકી ગઈ... ક્ષોભ સાથે ઉભી હતી ત્યાં જ જડાઈ ગઈ .. ને પછી પ્રયત્નપૂર્વક બચાવ પક્ષે દલીલ શરૂ કરી,' બેન ! એ તો આજે સવારે જ વાળ ધોયાં હતા ને એટલે... પછી સુકાયા નહીં એટલે મમ્મીએ કહ્યું કે છુટ્ટા રાખીને જા ...'

પણ બેટા !.. રવીવાર તો કાલે ગયો... વાળ ધોવાની સગવડ તો રવીવારે રહે ને ! રવીવારે જ એવું કામ પતાવવાનું હોય ને ! આજે કંઈ વાળ ધોવાય ?

'પણ બેન ! કાલે સાંજે મારે પાર્ટીમાં જવાનું હતું ને એટલે ...'

'તો તો કાલે વાળ ધોયા હશે, તેમાં આજે છુટ્ટા કેમ રાખ્યાં છે આજે તો તેલ નાખી સરખા કરવા જોઈએ ને !

અને નાનકડી પ્રિયંકા બિચારી આમ ખોટી દલીલો કરતાં હારી ગઈ, હકીકતમાં આગલા દિવસે પાર્ટીમાં જવાનું હતું એટલે છુટ્ટા વાળ રાખેલાં અને આજે સ્કૂલમાં ય હજી એમ જ વાળ લઈને એ આવી હતી. બીજા ધોરણમાં ભણતી નાદાન, નિર્દોષ પ્રિયંકા.. હજી તો માંડ મોટી થાય છે ત્યાં તો વાળમાં તેલ નહીં નાખવાનું, છુટ્ટા વાળ રાખવાનાં, સુંદર દેખાવા માટે મેકઅપ કરવાનો,એડીવાળા બૂટ અને મોજાં પહેરવાનાં,ટૂંકા, સ્લીવલેસ ફ્રોક પહેરવાનાં,કેટકેટલું અને કેવુંક કયાં કયાંથી શીખી જાય છે ! સુંદર દેખાવું સૌને ગમે. એમાંય છોકરીઓ માટે તો એ સાહજીક છે છતાં ય સ્કૂલમાં તો ગણવેશ અને સાદાઈ માટે જ આગ્રહ રખાય, એ જરૂરી છે, ચારેકોર ટી.વી. અને ફીલ્મોએ એવું ઘેરું આક્રમણ સૌ કોઈ પર કર્યું છે કે એમાંથી આ ઉગતી પેઢીને પણ કેવી રીતે બચાવવી એ એક સમસ્યા છે. આ ઘેરા પ્રદૂષણથી એમને બચાવવા તો પડશે જ .... ! ! !

બાળક નાનું હોય ત્યારે એનામાં સમજ તો ન જ હોય.. શું સારું, શું ખરાબ ? કઈ ઉંમરે કયું શોભે ? શું શોભે ? શું સંસ્કારી લાગે ? આ બધી જ છીત અછીત નાનપણથી જ કેળવવી પડે છે. બાળકનાં ઉછેરમાં અને સામાજીકરણમાં નિરીક્ષણ અને તેનું અનુકરણ એ બે જ પ્રક્રિયાઓ મુખ્ય છે, બાળક જુએ એવું જ કરે, એવું જ શીખે અને એટલે એમાં ય આજે તો ટી.વી . અને ચલચિત્રોના માધ્યમોની ખૂબ જ અસર થાય છે. કારણકે આજની ઉગતી પેઢી માટે તો ટી.વી. સીરિયલો અને ચલચિત્રોનાં અભિનેતાઓ જ જાણે રોલ મોડેલ બની ગયાં છે. અને એટલે જ આજની માતાની જવાબદારી ખૂબ વધી ગઈ છે, અત્યાર સુધી સંતાનોનાં ચારિત્ર્ય ઘડતરમાં રોલમોડેલ તેમનાં માતાપિતા હતાં. અને તેમનાં સંસ્કાર, ઘરનું વાતાવરણ તેમનાં ઉચ્ચ આદર્શવાળા આચાર વિચાર આ બધાં જ પરિબળો તેમાં મહત્વનો ભાગ ભજવતાં હતાં, પણ આજે આ બધામાં આજના શિક્ષિત કહેવાતા માબાપો પાછાં પડવા માંડયાં છે. સ્કુલમાં આવતા કેટલાય વાલીઓને મળું છું ને મને નવી પેઢીનાં સંસ્કારનાં વારસા અને ચારિત્ર્ય ઘડતર માટેની ચિંતા થાય છે, છતાં ય ઊંડે ઊંડે નવી પેઢીના ચારિત્ર્ય ઘડતરની, સંસ્કાર વારસાની, ભાવિ સહીસલામતીની એવી તો ચિંતા મગજ પર સવાર થઈ જાય છે કે મારાથી પ્રિયંકા જેવી દિકરીઓને બોલાવીને વ્હાલથી ઠપકો અપાઈ જાય છે કે વિદ્યાર્થી જીવનમાં સાદગી એ સૌથી મહત્વનો ગુણ છે. માણસ વિદ્યાથી તો શોભશે જ પણ સંસ્કાર અને ચારિત્ર્ય તો એથી જ વધુ મહત્વનાં છે, અને એટલે જ મારી સૌ માતાઓને એક જ વિનંતી. તમારા ઉગતા સંતાનોને બાહ્ય સૌંદર્ય નહી પણ અંતરનાં સંસ્કાર અને ચારિત્ર્યથી મહેંકતા કરવાનો ભેખ લો. પોતે સાદગી અપનાવો ને બાળકોને સાદગી અપનાવતા શીખવો.

**ઊર્મિલા શાહ.**

### સંસ્થાનું ગૌરવ

શારદામંદિરના કૉ-ઑર્ડિનેટર ડૉ.ઊર્મિલાબેન શાહને તા.૨૫-૧૨-૦૪નાં રોજ વલ્લભવિદ્યાનગર ખાતે ગુજરાત સાહિત્ય પરિષદે યોજેલા જ્ઞાનસત્રની પ્રારંભિક બેઠકમાં પ્રમુખશ્રી ડૉ.ધીરૂબેન પટેલના હસ્તે તેમનાં પુસ્તક 'માબાપ બનતાં શીખીએ' માટે 'શ્રી ભગિની નિવેદીતા દ્વિતીય પારિતોષિક' અર્પણ કરવામાં આવ્યું હતું આજદિન સુધી તેમનાં દસ પુસ્તકો બહાર પડી ચૂકયાં છે, અગિયારમાં પુસ્તક 'જીવન સંધ્યાના તિમિર અને તેજ'નો વિમોચન વિધિ ટૂંક સમયમાં યોજાનાર છે, આમાં મોટાભાગના પુસ્તકો બાળઉછેરને લગતાં છે.આ પહેલાં ૧૯૯૫માં પણ તેમને 'બાળકને સમજીએ' પુસ્તક માટે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી દ્વિતીય પારિતોષિક મળ્યું હતું એ પણ નોંધવા જેવી આનંદદાયક ઘટના છે.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નીરવ પારેખે ફર્સ્ટ બી.ડી.એસ.માં ગુજરાત યુનિવર્સીટીમાં નવમું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

### શ્રીમતી જ્યોત્સ્નાબેન શોધનનો ઋણસ્વીકાર સન્માન સમારંભ

શ્રીમતી જ્યોત્સ્નાબેન શોધને આ સંસ્થામાં ૫૦ જેટલાં વર્ષો સુધી પોતાની સંપૂર્ણ માનદ્ સેવા આપી છે. ગુજરાતમાં શારદામંદિર બાલમંદિરને એક નમૂનેદાર સંસ્થા બનાવવામાં તેમનો અમૂલ્ય ફાળો રહેલો છે. નાદુરસ્ત તબિયતને કારણે તેઓ હવે સેવા આપી શકે તેમ ન હોઈ પોતાની કામ કરવાની અશક્તિ અત્યંત દુઃખ સાથે તેમણે જણાવી હતી. તેમની આ પ્રશંસનીય સેવા બદલ સંસ્થા તેમની ખૂબ આભારી છે. તેમના ઋણ સ્વીકાર માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે તેમની સાથે જે જે કાર્યકરોએ લાંબા સમય સુધી કામ કર્યું હોય તેવા સૌ સંમિલિત થઈને તેમના ઋણ સ્વીકારના સમારંભમાં ઉપસ્થિત હતા. આ પ્રસંગે તેમની સાથેના અનેક સંસ્મરણો ખૂબ લાગણી સાથે સૌએ વ્યક્ત કર્યા હતાં.

સંસ્થાના નિયામક શ્રી દિનુભાઈએ જણાવ્યું કે શ્રીમતી જ્યોત્સ્નાબેન શોધને યશોદાનાં પ્રેમથી અનેક બાલકૃષ્ણોને પોતાને પ્રેમ આપ્યો છે. સંસ્થા સાથે અત્યંત લાગણીથી તેમણે આ પ્રશંસનીય સેવા આપી છે. આવા એક સંનિષ્ટ કાર્યકરની ખોટ પૂરવી શક્ય નથી તેવું ભારપૂર્વક જણાવી તેમણે શ્રીમતી જ્યોત્સ્નાબેન શોધનને તે ખૂબ દીર્ઘ, તંદુરસ્ત અને આનંદમય જીવન બાકીના વર્ષમાં ગાળે તેવી શુભેચ્છા સૌ કાર્યકરો વતી વ્યક્ત કરી હતી.

એક કૌટુમ્બિક સમારંભમાં સૌ આવ્યાનો આનંદ અનુભવવા મળ્યો.આખોય કાર્યક્રમ એક સુખદ સંભારણું બની રહ્યો.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

**કોમ્પ્યૂટર :** જ્યારે બાલમંદિરમાં કોમ્પ્યૂટર મૂકવામાં આવ્યા ત્યારે ખ્યાલ એવો હતો કે બાળકો આ સાધનોને ઓળખે અને નવા જમાનામાં એમને જે સાધનો સાથે કામ કરવાનું આવવાનું છે તેનાથી થોડા પરિચીત થાય. ત્યાં કોમ્પ્યુટર મૂક્યા પછી ભાઈ સિધ્ધાર્થ ત્રિવેદી પાસેથી તેમણે તૈયાર કરેલા કેટલાક સોફ્ટવેર અમને મળ્યા જે અત્યારે ખૂબ કામ લાગે છે અને બાળકો પોતાની રીતે આ કોમ્પ્યુટર દ્વારા આકાર ઓળખતા, રંગ ઓળખતા, સંખ્યા ઓળખતા, અક્ષરો ઓળખતા થાય છે અને આ બધું સાહજીક રીતે અને આનંદથી તેઓને શીખવા મળે છે.બાળકો ઉત્સાહથી કોમ્પ્યુટર રૂમમાં જવા માટે થનગનતા દેખાય છે. એક સફળ કાર્યક્રમ કર્યાનો અમને સંતોષ થયો છે. વાલીઓને પણ કોમ્પ્યુટર પર બાળકો આ બધું કરતા હતા ત્યારે નાના નાના ગ્રુપમાં જો ગોઠવી શકાય તો તેને માટેનો અમે પ્રયત્ન અવશ્ય કરીશું.

દિવાળીની રજાઓ પૂરી થતાં બાલમંદિરમાં બાળકો ફરી પ્રવૃત્તિમાં ગૂંથાઈ ગયા છે.

તા.૨-૧૨-૦૪ને ગુરુવારે બાલવાડીમાં પાંચમી ટુકડીનાં બાળકોનું આગમન થયું. બાળકો માબાપથી છૂટા પડીને નવા વાતાવરણમાં આવે છે ત્યારે જરાક મૂંઝાય છે. પરંતુ બાલમંદિરનાં વાતાવરણમાંથી તેમને પ્રેમ અને હૂંફ મળતાં, પ્રવૃત્તિ અને રમતો મળતાં, તેઓ જલ્દી ગોઠવાઈ જાય છે. નવા આવેલા બધા જ બાળકો હવે તેમનાં ઓરડાઓમાં સ્થિર થઈ પ્રવૃત્તિમાં રસ લેતાં થયાં છે. સંગીત બાળકોને ખૂબ ગમે છે, તેનાંથી બાળકો જલ્દીથી સ્થિર થાય છે.એવો અમારો અનુભવ છે. બધી જ ઈતરપ્રવૃત્તિઓમાં બાળકો હોંશભેર ભાગ લેવા માંડયા છે. પપેટ શો, વાર્તા, નાટક જેવી પ્રવૃત્તિઓમાં બાળકો ખૂબ જ રસથી ભાગ લે છે અને આનંદ માણે છે.તા.૨૫-૧૨-૦૪ને શનીવારે બાળકોએ 'સસ્સારાણા સાકરિયાં' નું પપેટ નિહાળ્યું ને ખૂબ આનંદ માણ્યો.તા.૪-૧૨-૦૪ને શનીવારે તાલીમનાં બાળકોએ 'દલા તરવાડી'નું નાટક પપેટ સાથે ભજવ્યું હતું.તા.૭-૧૨-૦૪ને મંગળવારે અને ૧૪-૧૨-૦૪ને મંગળવારે તાલીમના બાળકોની મદદથી ટામેટાનો સૂપ અને કચુંબર બનાવી તેમને નાસ્તામાં પીરસવામાં આવ્યાં હતાં. જાતે બનાવીને ખાવાનો આનંદ કંઈ જુદો જ હોય છે. બાળકોને તેમાં ખૂબ મઝા આવી. આ સાથે શિયાળાના કાચા શાકભાજી અને ટામેટાનું ખોરાકમાં કેટલું મહત્વ છે તે તેમને સમજાવ્યું. બાળકો તળેલા નાસ્તા ખાય તેને બદલે રોટલી શાક, કચુંબર અને ચટણી જેવા નાસ્તા વધુ આરોગ્યપ્રદ છે. અને એટલે બાળકો માટે વારંવાર આવા પાઠોનું આયોજન બાલમંદિરમાં કરવામાં આવે છે.બાલમંદિર બ વિભાગનાં બાળકોને તા.૧૭-૧૨-૦૪ને શુક્રવારે નાસ્તામાં ટામેટાનો સૂપ પીરસવામાં આવ્યો. બાળકોને તે ખૂબ ભાવ્યો અને હોંશભેર માણ્યો.તા.૨૪-૧૨-૦૪ને શુક્રવારે તાલીમ અને બ વિભાગનાં બાળકોએ નાતાલની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરી હતી નાતાલનાં ગીતો ગાઈ બાળકોને ઈસુખ્રિસ્તની વાર્તા સંભળાવી અને તેમનાં શિક્ષકોએ પ્રભુ ઈસુના જન્મના પ્રસંગનું નાટક ભજવ્યું હતું. બે બાળકોને સાન્તાક્લોઝ બનાવ્યાં અને તેમણે બાળકોને ચોકલેટ વહેંચી હતી. બાળકોએ ખૂબ જ આનંદથી નાચી અને ગીતો ગાઈને ઉત્સાહભેર નાતાલ ઉજવી અને એ દ્રશ્ય જોવું એ પણ એક લહાવો છે.બાળકોએ આ વર્ષે સાન્તાકલોઝનાં મહોરાં જાતે બનાવ્યાં હતાં અને તે પહેરીને ઘેર ગયાં હતા.

તા.૨૭-૧૨-૦૪નાં રોજ બાળકો માટે રમતગમતની હરીફાઈ યોજવામાં આવી. સંગીતખુરશી, બટાટવીણ, વિઘ્નદોડ અને દોડ જેવી વિવિધ રમતોમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શિશુમંદિર

તા.૨૩-૧૦-૦૪ના રોજ નવરાત્રિ નિમિત્તે શેરી ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. બેનોએ મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી.

**પ્રવાસો :** બધાં જ વર્ગોના જુદા જુદા દિવસોએ વિસનગર પાસે આવેલા તિરૂપતી નેચરલ પાર્કખાતે પ્રવાસ યોજવામાં આવ્યા. બાળકોએ એ પ્રવાસમાં ખૂબ મઝા માણી.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | | | |
|---|---|---|---|
| **આરતી સ્પર્ધા** | | **તા.૨૯-૧૦-૦૪** | |
| | પ્રથમ | લેખા મહેતા | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | રાજવી પરીખ | (રત્નદીપ ) |
| | | ઋતુ પી.શાહ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | શીખા શાહ | ( ગંગોત્રી ) |
| | | અક્ષયરાજ ચુડાસમા | ( મેઘનાદ ) |
| **તોરણ સ્પર્ધા** | | **તા.૨૯-૧૦-૦૪** | |
| | પ્રથમ | રાહિલ જાની | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | ઋતુ કે.શાહ | ( ગંગોત્રી ) |
| | | દર્શિલ શાહ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | રાજવી શાહ | ( ગંગોત્રી ) |
| | | વિધિ વોરા | ( રત્નદીપ ) |
| **ગણિત સ્પર્ધા** | | **તા.૨૬-૧૦-૦૪** | |
| | પ્રથમ | આનંદ પરીખ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | ધ્રુવ પટેલ | ( ગંગોત્રી ) |
| | | વત્સલ સુરતવાલા | ( મેઘનાદ ) |
| | તૃતીય | શૈલ દવે | ( રત્નદીપ ) |
| | | ઐનિષ દવે | ( રત્નદીપ ) |
| | | સૌમ્ય શાહ | ( ગંગોત્રી ) |
| **રંગોળી સ્પર્ધા** | | **તા.૪-૧૧-૦૪** | |
| | પ્રથમ | નિરાલી શાહ | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | નિશી સાબુગોળા | ( રત્નદીપ ) |
| | તૃતીય | પરીશા દલાલ | ( મેઘનાદ ) |
| **અભિનંદન કાર્ડ સ્પર્ધા** | | **તા.૪-૧૧-૦૪** | |
| | પ્રથમ | મૈત્રી દલાલ | ( ગંગોત્રી ) |
| | દ્વિતીય | ઋતુ પી.શાહ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | ખ્યાતિ કોઠારી | ( ધવલગિરિ ) |
| | | ભૂમિ શાહ | ( ગંગોત્રી ) |
| | | નિધિ દવે | ( રત્નદીપ ) |
| **ગુજરાતી સ્પર્ધા** | | **તા.૨-૧૧-૦૪** | |
| | પ્રથમ | શૈલ દવે | ( રત્નદીપ ) |
| | દ્વિતીય | આનંદ પરીખ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | ઐનીશ દવે | ( રત્નદીપ ) |
| | | ક્રુમિલ શાહ | ( ધવલગિરિ ) |
| **સુગમ સંગીત સ્પર્ધા** | | **તા.૨૯-૧૨-૦૪** | |
| | પ્રથમ | પલક જોશી | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | અસ્મી કોટ | ( ગંગોત્રી ) |
| | | શૈલજા શાહ | ( મેઘનાદ ) |
| | તૃતીય | આનંદ પરીખ | ( ધવલગિરિ ) |

**સૂચના :** હવેથી દર માસની આખર તારીખે શાળા વહેલી છોડવામાં નહીં આવે પણ દરરોજના સમય પ્રમાણે જ બાળકો છૂટશે તેની સૌ વાલીઓ નોંધ લે.

## વિનયમંદિર

તા.૨૦-૧૦-૦૪નાં રોજ વિનયમંદિરમાં ઈનામ વિતરણ સમારંભ યોજાઈ ગયો જેમાં બોર્ડમાં દસમા અને બારમા ધોરણમાં પાસ થનાર તેજસ્વી વિદ્યાર્થી ભાઈબહેનોને શાળા તરફથી અપાતાં વિવિધ ઈનામો અને લલિતકલા ક્ષેત્રનાં ઈનામોનું વિતરણ 'એકલવ્ય' શૈક્ષણિક સંસ્થાનાં નિયામકશ્રી સુનીલભાઈ હાંડાના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતા ઈનામો તથા પ્રમાણપત્રો ધોરણ ૮,૯,૧૦ અને ૧૧નાં બંને પ્રવાહમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીઓને પણ આપવામાં આવ્યાં. આ પ્રસંગે 'એકલવ્ય'માંથી પ્રિ.પ્રાયમરીના પ્રિન્સીપાલ શ્રી નિલીમાબેન શાહ અને કૉ.ઓર્ડિનેટર શ્રી આનંદભાઈ પાઠ હાજર રહ્યા હતા. મુ.શ્રી દિનુભાઈએ સૌનું સ્વાગત કરી અભિનંદન પાઠવ્યાં. ઊર્મિબેને આભાર માન્યો અને ચિ.બેન આનલ વસાવડાનું તેની સેવાઓને લક્ષ્યમાં લઈને આ પ્રસંગે ખાસ અભિવાદન કરવામાં આવ્યું.

તા.૧૪-૧૨-૦૪ને મંગળવારે મૈત્રી ટ્રસ્ટ અને ગાંધી પ્રતિષ્ઠાન સંસ્થાનાં ઉપક્રમે ધોરણ ૮ અને ૯ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી જેનો વિષય હતો 'ગાંધી વિચાર અને આજની સમસ્યાઓ' આ સ્પર્ધામાં નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ વિજેતા નિવડયા.
પ્રથમ સંવિત શાહ, દ્વિતીય ધ્રુવ દેસાઈ, તૃતીય જાનકી શાહ
તેમને મૈત્રી ટ્રસ્ટ તરફથી અનુક્રમે રૂ. ૧૦૦/-, રૂ.૭૫/- અને રૂ.૫૦/- નાં ઈનામો તથા ગાંધી સાહિત્યનાં પુસ્તકો ભેટ આપવામાં આવ્યા.આ પ્રસંગે તેમણે શાળા પુસ્તકાલયને પણ ગાંધી સાહિત્યના કેટલાક પુસ્તકો ભેટ આપ્યા.

વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા માટે જાગૃતિ લાવવા માટે અને નવી પેઢીને પ્રદૂષણમાંથી બચાવવા માટે સ્લાઈડ શો સાથે તેનું નિદર્શન ડૉ.રાજલ ઠાકરે ધોરણ ૮ અને ૯ નાં વિદ્યાર્થીઓ સમક્ષ કર્યું. આખોય કાર્યક્રમ માર્ગદર્શક હતો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**અભિનંદન કાર્ડ સ્પર્ધા** **તા.૫-૧૧-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | પંક્તિ લાડ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | સ્નેહ ઠક્કર | ( પદ્મપુકુર ) |
| | વાચા શાહ | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | અભિજ્ઞ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | પંક્તિ પટેલ | ( મેઘદૂત ) |

**રંગોળી સ્પર્ધા** **તા.૫-૧૧-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | વિધિ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | શિમોની શાહ | ( મેઘદૂત ) |
| | દેવલ પંડયા | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | વૈભવ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | શૈલી ઝવેરી | ( ગીતગોવિંદ ) |

**સમાચાર વાંચન સ્પર્ધા** **તા.૨૩-૧૨-૦૪**

| | | |
|---|---|---|
| પ્રથમ | સંવિત શાહ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | રીમા ભટ્ટ | ( પદ્મપુકુર ) |
| તૃતીય | ભૂમિ શાહ | ( મેઘદૂત ) |
| | શીલ ફોજદાર | ( પદ્મપુકુર ) |

## રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

તા.૨૮-૧૨-૦૪નાં રોજ સંસ્થાનાં ભૂતપૂર્વ શિક્ષક શ્રી રમણભાઈ દવેની સ્મૃતિમાં દર વર્ષે યોજાતી આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં નિર્ણાયક તરીકે શ્રી મૃદુલાબેન પરીખ, શ્રી નમ્રતાબેન શોધન તથા શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રી અનારબેન કઠીયારાએ સેવા આપી. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ હતું.

| | | |
|---|---|---|
| પ્રથમ વિભાગ | ( નાનો વિભાગ ) | ધોરણ ૫ થી ૭ |
| પ્રથમ | પલક જોષી | શારદામંદિર શિશુમંદિર |
| દ્વિતીય | યેશા પટેલ | સી.એન.કિશોર વિદ્યાલય |
| તૃતીય | મલેક સાદાબ | અંકુર પ્રાથમિક શાળા |
| દ્વિતીય વિભાગ | ( મોટો વિભાગ ) | ધોરણ ૮ થી ૧૨ |
| પ્રથમ | આનલ વસાવડા | શારદામંદિર વિનયમંદિર |
| દ્વિતીય | જીમી ગાંધી | અંકુર માધ્યમિક શાળા |
| તૃતીય | પ્રિયેન શાહ | સી.એન.વિદ્યાવિહાર |
| | વંદના પટેલ | દિવાન બલ્લુભાઈ મા. શાળા |

### અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| ધી ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન એકઝીબીશન ઓફ ફાઈન આર્ટસ્ ઝેકોસ્લેવિયા | શૈલ રાવળ | એવોર્ડ |
| યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ | નુપુર શાહ | નેહરુ કલ્ચરલ એવોર્ડ |
| હૈદ્રાબાદ આયોજીત નેશનલ | શિમોલી શાહ | નેહરુ કલ્ચરલ એવોર્ડ |
| એકઝીબીશન ઓફ ચાઈલ્ડ | હેમ સોપારકર | ગ્રાન્ડ પીકસ એવોર્ડ |
| આર્ટ | પૌરીન શાહ | ડિપ્લોમા ઓફ ડિસ્ટીંકશન |
| | **વકતૃત્વ** | |
| અખિલ હિંદ મહિલા પરિષદ | ધ્રુવ દેસાઈ | પ્રથમ ઈનામ |
| અમદાવાદ શાખા | જાનકી શાહ | દ્વિતીય ઈનામ |
| | જુઈ વોરા | દ્વિતીય ઈનામ |
| શેઠ સી.એન.વિદ્યાવિહાર અંગ્રેજી વકતૃત્વ સ્પર્ધા | હર્ષ દેસાઈ | પ્રથમ |
| | **કરાટે** | |
| યોગ અને માર્શલ આર્ટસ્ | નીલ વૈદ્ય | ગોલ્ડન બ્રાઉન બેલ્ટ |
| એકેડમી ઓફ ઈન્ડીયા | હર્ષ શાહ | બ્રાઉન 1 |
| | **સ્કેટીંગ** | |
| સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત યોજીત 50th Skating Competition | હેલી શાહ | ત્રીજું ઈનામ તથા રૂ.૪૮૦૦ સ્કોલરશીપ રૂ.૧૦૦૦ના બે ચેક |
| | **રંગોળી** | |
| ભારત વિકાસ પરિષદ | શ્રધ્ધા શાહ | પ્રથમ |

**શ્રધ્ધાંજલિ :**શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ઈન્દ્રવદન નટવરલાલ ઠક્કરનાં અવસાનની નોંધ લેતા સંસ્થા શોકની લાગણી અનુભવે છે. ઈશ્વર સદ્ગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com